**રાજુલા પો.સ્ટે.ગુ.ર.નં.૩૦૦૧૦/૨૦૨૩ ઇપીકો. ક.૨૨૪ ના કામે આરોપી સવજીભાઇ ઉર્ફે સંજય છગનભાઇ ગુજરીયાના ઓ ની જામીન અરજી હેઠળ હુકમ**

---

૧. આ કામ ના આરોપી ને પોલીસે અટક કરેલ હોય અને આરોપી હાલ કસ્ટડી માં હોવાથી જામીનમુક્ત થવા ક્રિ.પ્રો.કોડ ની ક.૪૩૭ અન્વયે આરોપી એ હાલ ની અરજી કરેલ છે. આરોપી તર્ફે વિ.વ.શ્રી એ રજુઆત કરેલ છે કે, આ કામ ના આરોપી ને ખોટી રીતે ગુના માં સંડપવી દેવામાં આવેલ છે. હકીકત માં આરોપી એ કોઇ જ ગુનો કરેલ નથી. હકીકતે આરોપી કાયદાકીય પરીસ્થિતિ થી માહીતગાર ન હોવાથી શરતચુક થી ગુનો બનેલ છે. આરોપી હાલ માં અન્ય ગુના માં કસ્ટડી માં જ છે જેથી ક્યાંય નાશી ભાગી જાય તેમ નથી. જેથી આ ગુના માં આરોપી ને જામીનમુક્ત કરવા રજુઆત કરેલ છે.

૨. આ કામે સરકારશ્રી તર્ફે થયેલી રજુઆત મુજબ આરોપી સામે ગંભીર પ્રકાર નો ગુનો નોંધાયેલ છે. ત્યારબાદ આરોપી પોલીસ ની કસ્ટડી માંથી નાસી ગયેલ છે. જેથી આરોપી કાયદા નું પાલન ન કરવાની માનસીકતા ધરાવે છે. જેથી જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

3. આ કામે બંન્ને પક્ષે કરેલી રજુઆત લક્ષ માં લેવામાં આવેલ છે. આ કામે હાલ ના અરજદાર આરોપી સામે નોંધાયેલા મરીન પિપાવાવ પો.સ્ટે. ગુ.ર.નં.૩૯૫/૨૦૨૨ ઇ.પી.કો. ક.૩૬૩,૩૬૬,૩૭૬(૨)(જે)(એન),૩૭૬(૩) તથા પોક્સો એક્ટ ની ક.૪,૮,૧૮ મુજબ ના ગુના માં આરોપી જ્યુડીશિયલ કસ્ટડી માં રહેલ હોય અને જેલ માંથી આરોપી ને નામ.અદાલત સમક્ષ કેસ ની મુદત માં તા.૧૦.૦૧.૨૦૨૩ ના રોજ જાપ્તા સાથે રજુ કરવામાં આવેલ અને ત્યારબાદ આરોપી ને જમાડી ને ગાડી માં બેસાડવા જતાં હતાં ત્યારે આરોપી તક નો લાભ લઇ ને નજર ચુકવી ને તેને પહેરાવેલ હાથકડી કાઢી નાસીભાગી ગયેલ. ત્યારબાદ થી આરોપી પોલીસ પકડ થી દુર રહેલ અને નાસતો ફરતો રહેલ છે. લાંબા સમય બાદ આરોપી તા.૩૧.૦૩.૨૦૨૩ ના રોજ પકડાયેલ છે. આરોપી સામે અગાઉ પણ ગંભીર પ્રકાર નો ગુનો નોંધાયેલ છે અને તે ગુના લગત આરોપી કસ્ટડી માં રહેલ છે, જામીનમુક્ત થયેલ નથી. આરોપી ગુનાહીત માનસીકતા ધરાવતો હોવાનુ જણાય છે. આ ઉપરાંત એક ગુના માં આરોપી જ્યારે કસ્ટડી માં રહેલ હોય છતાં આરોપી એ બીજી વાર ગુનાહીત કૃત્ય કરેલ છે. જેને હળવાશથી લેવામાં આવે તો આ પ્રકાર નું કૃત્ય બીજી વાર કરતાં આરોપી અચકાય નહી અને તેની ગુનાહીત માનસીકતાને પ્રોત્સાહન મળે તેમ જણાય છે. જેથી ફરીયાદ ની હકીકતો અને આરોપીનો ગુનાહિત ઇતિહાસ વિગેરે તમામ પરીબળો લક્ષ માં રાખી ને આ કામ ના આરોપી ને હાલ ના તબક્કે અત્રે થી જામીનમુક્ત કરવા ઉચીત જણાંતુ ન હોવાથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>હુકમ</u>

<u>રાજુલા પો.સ્ટે.ગુ.ર.નં.૩૦૦૧૦/૨૦૨૩ ઇપીકો. ક.૨૨૪ ના કામે આરોપી સવજીભાઇ ઉર્ફે સંજય છગનભાઇ ગુજરીયાના ઓ ની જામીન અરજી</u> **રદ્દ(નામંજુર)** કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.**૫મી** માહે–**એપ્રિલ** સને–**૨૦૨૩** ના રોજ ખૂલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

5-4-23

(આર.વી.ચાવડા)જીજે૦૧૦૧૯
એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ
રાજુલા

તા.૦૫.૦૪.૨૦૨૩
રાજુલા